જરૂરી

ક્રમાંક પગર-૧૦૨૦૧૮ ઓ-૨૮-મ

ગુજરાત સરકાર.
નાણા વિભાગ.
ફેક્સ નં-૨૩૨ ૫૦૬૦૫
શાખા ટે.નં-૨૩૨ ૫૦૬૮૦
સચિવાલય. ગાંધીનગર
તા. 28 JUN 2018

હિસાબ અને તિજ્રોરી નિયામક ની કચેરી
05 JUL 2018
ઇનવર્ડ નં. ૨૬૭
ગાંધીનગર

પ્રતિ,
નિયામકશ્રી,
હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
વીમા અને લેખા ભવન, બ્લોકનં.૧૭
ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

વિષય:- ફિક્સ પગારથી નિમણૂંક પામેલ કર્મચારીઓની પાંચ વર્ષની સેવા ઉચ્ચતર પગાર ધોરણના લાભ માટે ગણવા બાબત.

સંદર્ભ:- આપની કચેરીના તા.૦૧/૦૨/૨૦૧૮ ના પત્ર ક્રમાંક હિતિનિ/PVU/ફા.નં.૩૭/૨૦૧૮/૨૩

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપના સંદર્ભ દર્શિત પત્રથી ફિક્સ પગારથી નિમણૂંક પામેલ કર્મચારીઓની પાંચ વર્ષની સેવા ઉચ્ચતર પગાર ધોરણના હેતુ માટે ગણવી કે કેમ? તે બાબતે માર્ગદર્શન/સ્પષ્ટતા આપવા વિનંતી કરી હતી. જે અન્વયે નીચે મુજબનો અભિપ્રાય આપવામાં આવે છે.

"નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ અંતર્ગત પ્રવર્તમાન ફીક્સ પગારની નીતિ હેઠળ સીધી ભરતીની જગ્યા ઉપર પ્રથમ પાંચ વર્ષ માટે ફીક્સ પગારથી નિમણૂંક પામેલ કર્મચારીઓને જ નાણા વિભાગના તા.૧૮/૧/૨૦૧૭ના ઠરાવથી ઉચ્ચતર પગાર ધોરણના હેતુ માટે સદર ફીક્સ પગારની પાંચ વર્ષની સેવાઓ ગણતરીમાં લેવાની રહેશે. જ્યારે નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ સિવાય અન્ય નીતિ હેઠળ નિમણૂંક પામેલ કર્મચારીઓની ફીક્સ પગારની સેવાઓને ઉચ્ચતર પગાર ધોરણના લાભ માટે સેવા તરીકે ગણવાની રહેશે નહિ

—પાછળ—

Scanned by CamScanner

ઉપરોક્ત અભિપ્રાય/માર્ગદર્શન અનુસાર આવા કેસોમા આગળની કાર્યવાહી કરવા જણાવવામા આવે છે.

આપનો વિશ્વાસુ

(બી.એસ.પરમાર)
સેકશન અધિકારી
નાણા વિભાગ

Scanned by CamScanner